**<u>કલે.પરચુ. અરજી નં. ૧૭૦/૨૬ ના કામે અરજદારોની આંક–૧ ની પેમેન્ટ અરજી હેઠળ હુકમ :–</u>**

(૧) અરજદારોના વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી. અરજી અન્વયે સામાવાળા વિમા કંપનીના વિ. વકીલશ્રીએ કરેલ શેરો ધ્યાને લીધો. હાલની અરજી અરજદારોએ ગુજ. મેણંદભાઈ અમરાભાઈના અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૫૭૧/૨૦૦૦ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૨૩–૦૫–૨૦૧૬ ના રોજ જજમેન્ટ, એવોર્ડ આપતા તે સામે સામાવાળાઅ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં. ૨૬૯૧/૧૬ થી કરેલી જે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સદરહુ અપીલ ફેસલ થયેલ છે અને હુકમ મુજબ જમા રકમ અરજદારોને ચુકવી આપવા માટે હાલની અરજી કરેલ છે. વધુમાં મુળ અરજદાર નં. –૨ મચદેબેન મેણંદભાઈ તા. ૨–૫–૨૧ ના રોજ મરણ પામેલ હોય તેના વારસદારો હાલના અરજદાર નં. ૨/૧ થી ૨/૩ હોવાનુ જણાવેલ છે અને તે અંગે પેઢીનામુ રજુ રાખેલ છે.

(૨) આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ વળતરની રકમ રૂા. ૭,૦૪, ૨૫૮/– એફ.ડી.રીલીઝ થતા જમા થયેલ છે જે અરજી હેઠળ કરેલ શેરો ધ્યાન લેતા જણાઈ આવે છે તે તમામ હકીકત ધ્યાને લેતા સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા થયેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણ લેતા જણાય આવે છે. આમ, અરજીની હકીકતો તથા અરજી સાથે રજુ થયેલ અકસ્માત વળતર કલેઈમ કેસ નં. ૫૭૧/૨૦૦૦ ની સામે કરેલ હાઈકોર્ટની ફર્સ્ટ અપીલ નં. ૨૬૯૧/૧૬ માં થયેલ હુકમ તથા જમા રકમ ચુકવવા સામે સામાવાળાને વાંધો ન હોવાનો શેરો ધ્યાને લેતા તથા મુળ અરજદાર નં.–૨ મચદેબેન મેણંદભાઈનુ તા. ૨–૫–૨૩ ના રોજ અવશાન થયેલ હોય તેનો મરણનો દાખલો તથા હાલની અરજીના અરજદાર નં.–૨/૧ થી ૨/૩ સુધીના તેના વારસોદારો હોવા અંગે રજુ પેઢીનામુ ધ્યાને લેતા તમામ હકીકતે અરજી અન્વયે નીચે મુજબ જમા રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

<table>
<tr><td>---</td><td>કોર્ટ ફી સ્ટેમ્પ</td></tr>
<tr><td>રૂા. ૭,૦૪,૨૫૮/-</td><td>અરજદાર નં.-૧ જમન મેણંદભાઈ ચાવડાને રૂા. ૩,૫૨,૧૨૯/- આર.ટી.જી.એસ. થી જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.
<table>
<tr><td>એકાઉન્ટ નં.</td><td>66024446888</td></tr>
<tr><td>બેન્ક નામ</td><td>ભારતીય સ્ટેટ બેંક.</td></tr>
<tr><td>આઈ.એફ.એસ.સી. કોડ નં.</td><td>SBIN0060218</td></tr>
</table>
અરજદાર નં.-૨/૧ હિતેષભાઈ મનસુખભાઈ વાણવી ને રૂા. ૧,૧૭,૩૭૬/-આર.ટી.જી.એસ. થી જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.<br>
અરજદાર નં.-૨/૨ બીનીતાબેન મનસુખભાઈ વાણવી વા.ઓ. હર્ષ રાઠોડને રૂા.૧,૧૭,૩૭૬/- આર.ટી.જી.એસ. થી જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.<br>
અરજદાર નં.-૨/૩ વિશાલભાઈ મનસુખભાઈ વાણવી ને રૂા. ૧,૧૭,૩૭૭/-આર.ટી.જી.એસ. થી જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.
<table>
<tr><td>એકાઉન્ટ નં.</td><td>58390100015823</td></tr>
<tr><td>બેન્ક નામ</td><td>બેંક ઓફ બરોડા.</td></tr>
<tr><td>આઈ.એફ.એસ.સી. કોડ નં.</td><td>BARB0VANTHA</td></tr>
</table>
</td></tr>
<tr><td>રૂા. ૭,૦૪,૨૫૮/-</td><td>અંકે રૂપિયા સાત લાખ ચાર હજાર બસ્સો અઠાવન પુરા.</td></tr>
</table>

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢ નાઓને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૦૯ મી, માહે-જૂલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.
તારીખ ૦૯-૦૭-૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ. (જી.જે.૦૧૦૦૫)